માર્ચ-2015 : ગુજરાતી (001) (ગુજરાતી માધ્યમ) ધોરણ 10

01 GUJARTI FIRST LANGUAGE MARCH 2015 OMR ANSWERS

| Q | correct answer | Q | correct answer | Q | correct answer | Q | correct answer |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 16 | C | 31 | C | 46 | D |
| 2 | B | 17 | B | 32 | B | 47 | A |
| 3 | C | 18 | D | 33 | C | 48 | C |
| 4 | D | 19 | D | 34 | B | 49 | D |
| 5 | B | 20 | D | 35 | B | 50 | B |
| 6 | C | 21 | C | 36 | B | | |
| 7 | A | 22 | C | 37 | B | | |
| 8 | A | 23 | D | 38 | A | | |
| 9 | D | 24 | D | 39 | D | | |
| 10 | C | 25 | C | 40 | D | | |
| 11 | A | 26 | A | 41 | C | | |
| 12 | D | 27 | D | 42 | D | | |
| 13 | A | 28 | A | 43 | C | | |
| 14 | D | 29 | B | 44 | D | | |
| 15 | B | 30 | D | 45 | B | | |

વિભાગ..................

3

## વિભાગ- A

A-1)

| |
|---|
| કૃતિ:- વૃક્ષ |
| કર્તા:- લાભશંકર જાદવજી ઠાકર |
| ઉપનામ:- પુનર્વસુ |
| સા.પ્ર:- એકાંકી |
| સંદર્ભ ગ્રંથ:- 'બાથટબમાં માછલી' માંથી. |

→ 'માણસ સુખસગવડ ભોગવવાની લાલસામાં કેવો સ્વાર્થી અને લાગણીહીન થઈ જાય છે' તેનું સચોટપણે આલેખન 'વૃક્ષ' એકાંકીમાં કરવામાં આવ્યું છે. 'વૃક્ષ' એકાંકીમાં નાયક 'ચંપક' તેની પુત્રી ચકુ સાથે વરસાદમાં ભીંજાતા-ભીંજાતા અચાનક વૃક્ષ બની જાય છે. ચંપકની પત્ની ઈન્દિરા અને ચંપકના પિતા આઘાતમાં સરી પડે છે. ઈન્દિરાનાં વલોપાતની કોઈ સીમા નથી.

થોડાં દિવસો વીત્યા બાદ લોકો ચંપકનાં વૃક્ષ બની ગયાંની ઘટનાં છાપાંમાં છાપવા અંગે વાતચીત કરવા ચંપકનાં ઘરે આવે છે. દાદા અને ઈન્દિરા તેમની પાસે સારી રકમ વસૂલે છે. 'વર્લ્ડ મેગેઝિન'નાં પ્રતિનિધિ ચંપકનાં વૃક્ષ બની ગયાંની ઘટના તેમના મેગેઝીનમાં છાપવા ઈચ્છે છે. આ માટે તેઓ દાદા અને ઈન્દિરાને

વિભાગ..................

પાંચ હજાર ડોલર જેવી મોટી રકમ આપે છે. તથા તેમને જણાવે છે કે ટીવીના પ્રતિનિધિઓ આ વિષય પર એક ફિલ્મ બનાવવાં ઈચ્છે છે અને તેઓ વળતર પણ સારું આપશે.

આમ, વૃક્ષ બની ગયેલો ચંપક દાદા અને ઈન્દિરાની કમાણીનું સાધન બની ગયું છે. ઈન્દિરા એન્જિનીયર પાસે દાદાની રચના તૈયાર કરાવે છે. આ માટે વીસેક ફૂટ લંબાઈનું ખોદકામ કરવાનું છે. તેમાં વૃક્ષ નડતરરૂપ હોવાથી ઈન્દિરા તેને દૂર કરવાનું કહે છે. ત્યારે ચંપકની દીકરી ચકુ મધુરને વૃક્ષ કાપતાં અટકાવે છે.

આમ, 'વૃક્ષ' એકાંકીમાં માણસનાં સ્વાર્થીપણા અને લાગણીહીનતા નાં ભાવને લેખકે નિખાલસતાપૂર્વક રજૂ કર્યા છે.

૨) કૃતિ :- સ્ત્રીકેળવણી
કર્તા :- નર્મદાશંકર લાલશંકર દવે
ઉપનામ :- નર્મદ.
સંદર્ભ ગ્રંથ :- 'નર્મ-ગદ્ય' માંથી
સા. પ્ર :- નિબંધ.

→ નર્મદ કહે છે કે, કેળવણી તો દુર્ગુણોને દૂર કરે છે. સ્ત્રીઓ નીતિનાં પ્રભાવની ખામી અને અયોગ્ય સંગતને કારણે કુમાર્ગે જાય છે. પરંતુ સ્ત્રી જો નીતિની કેળવણી લેશે તો તે નીતિનાં બોધને ગ્રહણ કરી શકશે. ને મુજબ વર્તન કરી શકશે. પરિણામે નીતિની કેળવણી પામેલી સ્ત્રી કુમાર્ગે જશે નહીં.

વિભાગ..................

A-3) અથવા

કૃતિ:- ટાઈમટેબલ
કર્તા:- જ્યોતીન્દ્ર દવે.
ઉપનામ:- અવળવાણિયા, ગુપ્ત.
સા.પ્ર:- હાસ્યનિબંધ
સંદર્ભ ગ્રંથ:- 'રંગતરંગ ભાગ-૨' માંથી.

→ ટાઈમટેબલ બનાવવામાં લેખકનો બે મહિના જેટલો સમય ગયો. કારણ કે કુલ છ-સાત વિષયો તૈયાર કરવામાં હતાં, તેમાં કયા વિષયને કેટલો સમય ફાળવવો તેની વિમાસણમાં લેખકે બે મહિના જેટલો સમય વ્યતીત કર્યો.

4) અથવા A-4)

| |
|---|
| કૃતિ:- શામળનાં છપ્પા, ચોપાઈ, ઉખાણાં<br>કર્તા:- શામળ ભટ્ટ<br>સા.પ્ર:- છપ્પાં, ચોપાઈ, ઉખાણાં. |

→ ~~'રક્ષક જ ભક્ષક બને' એ હકીકત સમજાવવા શામળ નીચે મુજબ દૃષ્ટાંતો આપે છે: જે ફુલ ખીલ્યું છે તે કરમાવાનું જ છે, જે નવું છે તે જૂનું થવાનું જ છે, જે ઉપર~~

→ 'રક્ષક જ ભક્ષક બને' એ હકીકત સમજાવવાં શામળ નીચે મુજબ દૃષ્ટાંતો આપે છે: ખેતરમાં ઉગાડેલાં ચીભડાં કોઈ ચોરી ન જાય તે માટે તેની આસપાસ વાડ કરવામાં આવે છે. પરંતુ વાડ પોતે જ ચીભડાં ગળી જાય તો લોકોને આવું સોંઘુ ફળ કેવી રીતે મળે?

વિભાગ..................

અનાજને ખળામાં એકઠું કરવામાં આવે છે. પરંતુ ખળું જ અન્ન ખાઈ જાય તો? પાણી ભરેલાં જળાશયો પોતે જ પાણી પી જાય તો જીવજંતુઓ કેમ કરીને જીવે? મા જ પોતાનાં દૂધ પીતાં બાળકને મારે તો બાળક શું કરે? એ રાજા જ પ્રજાને લૂંટી લે, તો પ્રજા ફરિયાદ કોની આગળ કરે?

A-5) કૃતિ:- મન નો ડગે
કર્તા:- ગંગાસતી.
સા.પ્ર:- પદ - ભજન
સંદર્ભ ગ્રંથ:- 'સોરઠી સંતવાણી' માંથી.

→ ગંગાસતી સાચા ભક્ત હોવાનું પ્રમાણ આપતાં કહે છે કે, મેરુ જેવો અડીખમ પર્વત કદાચ ડગી જાય, આખું બ્રહ્માંડ નાશ પામે, અર્થાત્ ગમે તેટલી કપરી પરિસ્થિતિ સર્જાય છતાં પણ સાચા ભક્તનું મન ક્યારેય વિચલિત થતું નથી. તે ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખે છે. સુખમાં તે છકી નથી જતો કે દુઃખમાં તે હતાશ પણ થતો નથી. તેનાં મનમાં ક્યારેય ખોટાં-તર્ક-વિતર્ક ઉત્પન્ન થતાં નથી. તે હંમેશા સદ્-ગુરુનાં વચનમાં વિશ્વાસ રાખે છે. તેણે જગતની મોહમાયાનાં બંધનો તોડી નાંખ્યા હોય છે.

વિભાગ..................

7

પ્રશ્ન ક્રમાંક ?-6

કૃતિ:- તીર્થોત્તમ
કર્તા:- બાલમુકુન્દ દવે
સા.પ્ર:- સૉનેટ
સંદર્ભ ગ્રંથ:- 'પરિક્રમા'માંથી

→ 'તીર્થોત્તમ' કાવ્યમાં કવિ ઝૂંપડીને ઓટલે બેઠેલી પોતાની પત્નીને જુએ છે. તે પોતાનો અરધો પાલવ ઢાંકીને પોતાની દીકરીને સ્તનપાન કરાવી રહી છે. આ સમયે તેનાં નાજુક, નમણાં નયનો પોતાના બાળક પર ઠારી અમૃતધારા વરસાવી રહી હતી. કવિએ આ માતૃવાત્સલ્યને નિહાળ્યું અને કવિની પ્રભુદર્શનની તરસ સંતોષાઈ ગઈ.

વિભાગ......

## વિભાગ-ડ.

7) સંક્ષેપીકરણ:-

શીર્ષક:- શ્રમનો મહિમા / શ્રમની ઉપયોગિતા

→ ઊંચા જીવન વિશેના આપણા અને પશ્ચિમના ખ્યાલમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાં ગામમાં ડોસીઓ કહેતી કે – "દૈયું ન બાળજે, હાથ બાળજે" પણ આજે તો હાથ બાળવાની વાત આવી છે. ભગવાને માણસને બે હાથ અને એક મોઢું આપ્યું છે. પરંતુ આજે તો મોઢાં વધતાં જાય છે અને હાથ ઘટતા જાય છે. હાથનો ઉપયોગ ઝૂંટ મારીને બીજાનું પડાવી લેવામાં થાય છે.

8) અર્થવિસ્તાર:-

'ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.'

→ જીવનનાં રહસ્યને સમજાવતી, સૂર્યની જેમ પ્રકાશથી ઝળહળતી આ પંક્તિઓમાં કવિ કહે છે કે જીવનની ઘટમાળ તો ફર્યા જ કરે છે. જેમાં ક્યારેક સુખની ભરતી છે તો ક્યારેક દુઃખનો પહાડ છે.

દરેક સિક્કાની બે બાજુઓ હોય છે. તેમ જીવનરૂપી ઘટમાળનાં પણ બે પાસાં છે: 'સુખ અને દુઃખ.' સુખ અને

વિભાગ..................

દુઃખ જીવનમાં આવ્યાં જ કરે છે. ક્યારેક સુખની લહેરી આવે તો માણસ ખૂબ ખુશ થઈ જાય એટલે કે છકી જાય છે અને ક્યારેક અપેક્ષાથી વધારે દુઃખ આવી પડે ત્યારે માણસ ભાંગી પડે છે. હતાશ થઈ જાય છે. નિરાશા તેના મનને કોરી ખાય છે. પણ ત્યારે માણસે સમજી લેવું જોઈએ કે સુખ અને દુઃખ ક્યારેય પણ ટકતાં નથી. જીવન રૂપી ઘટમાળમાં સુખ અને દુઃખનાં ચક્રો આવ્યાં જ કરે છે, તેથી જ કહેવાય છે કે,

"સુખ સમયમાં છકી નવ જવું,
દુઃખમાં હિંમત ન હારવી,
સુખ-દુઃખ સદા ટકતાં નથી,
એ નીતિ ઉર ધારવી."

વિભાગ........

## વિભાગ:-C

(1) પત્રલેખન:-

337, C/4, પ્રેમમંદિર
સંકુલ સેક્ટર નં 3,
અમદાવાદ.
Dt:- 12-3-2015

પ્રિય મિત્ર,-
તારો પત્ર મળ્યો. તમે સૌ કુશળ છો તે જાણીને રાહત થઈ સાથે જ તારા નબળા પરિણામ અંગે ચિંતા પણ થાય છે.

તું જ્યારે નાનો હતો ત્યારે વર્ગમાં હંમેશા પ્રથમ ક્રમે આવતો. પરંતુ હવે તે ટી.વી જોવાની જે ટેવ પાડી છે, તેનાથી તારા પરિણામ પર અને તારા અભ્યાસ પર ખૂબ જ માઠી અસર થઈ છે. તેનાં જ પરિણામે તું આ વર્ષે એક વિષયમાં અનુત્તીર્ણ થયો છે. તું ટીવી. જોવામાં જે સમય બગાડે છે તેના બદલે એટલો જ સમય તું અભ્યાસ પાછળ વ્યતીત કરે તો તું પહેલાંની જેમ પાછો પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ શકે. મારા કહેવાનો અર્થ એ નથી કે તારે બિલકુલ ટીવી ન જોવું, પરંતુ લાંબા ગાળાનાં અભ્યાસ બાદ અડધી-પોણી કલાક ટી.વી. જોવું એ બરાબર છે. વધુ ટી.વી જોવાથી આંખોને પણ નુકસાન થાય છે. વળી, તારી

વિભાગ.................

એકાગ્રતા પણ ઓછી થાય છે. વધુ ટી.વી. જોવાથી સ્વભાવ ચીડિયો થઈ જાય છે અને વાંચવામાં પણ મન લાગતું નથી. આથી મારું તને સૂચન છે કે, તું ટી.વી. જોવામાં સમય ન બગાડ અને તારું સ્વાસ્થ્ય સાચવ.

તારાં માતા-પિતાને મારા પ્રણામ.

લિ.
તારો મિત્ર.

---

10) અહેવાલલેખન:-

Dt:- 12-03-2015.

વિષય:- શાળામાં યોજાયેલ 'રક્તદાન શિબિર' અંગે અહેવાલ.

→ તા. 10-3-2015 નાં રોજ મારી શાળામાં 'રક્તદાન - શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દ્વારા ઘણાં લોહીની ઊણપ વાળાં વ્યક્તિઓ સુધી લોહી પહોંચાડવાનો હેતુ હતો. આ શિબિર માટે અમે સૌ શાળામાં કાર્યક્રમ હોલમાં સવારે નવ વાગ્યે પહોંચી ગયાં. હોલમાં શિબિર અંગેની વ્યવસ્થા જોઈ અમને ખુબ ગર્વની લાગણી થઈ. ત્યાર બાદ યોગ્ય ઉંમરનાં રક્તદાતાઓ જેમને રક્ત આપવાની ઈચ્છા હતી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાં જ ડોક્ટરો અને પરિચારિકાઓની ટુકડી આવી પહોંચી. તેઓ સુઘડ અને સ્વચ્છ

zigya
Study. Assignments. Free Forever. GSEB Question and Answers.



વિભાગ..................

સફેદ ગણવેશમાં દેવદૂત જેવાં લાગતાં હતાં. તેમણે રક્તદાતાઓની પ્રાથમિક તપાસ કરી. ત્યાર પછી શિબિરનો આરંભ કર્યો. એક કલાકમાં જ બ્લડ-બેંકમાં 13 બોટલ લોહી જમા થઈ ગયું. પરિચારિકાઓ રક્તદાતાઓને શક્તિ આપવા માટે તેમને ગ્લુકોઝ બિસ્કીટો ખવડાવી રહી હતી. આમ, રક્તદાન શિબિરને અંતે અમે લગભગ 49 બોટલ લોહી એકઠું કર્યું. પછી સૌ ખુશી ખુશી પોતપોતાને ઘેર ગયાં.

Like. Share. Bookmark. Download. Mark Notes. Print. Your Favourite Questions. Join www.zigya.com

વિભાગ..................

13

## Section - D.

16) **ભાષાશુદ્ધિ:-**

'ભાઈ તને કોઈએ ભરમાવ્યો છે. હું જમકી નથી.' કહી મેં કમાડ બંધ કરવા માંડ્યું તો એ અંદર આવવા લાગ્યો અને કહે: 'માતાજી, આજ દિવસ સુધી તમને ખાવાનું મોકલ્યું. તે સામું તો જુઓ!' હું ચિડાઈ ગઈ. 'વળી તું ખાવાનું મોકલનાર કોણ?'

17) **ગદ્યપરિવર્તન:-**

વૃક્ષોને, લહેરાતી પાંદડીઓને, વાસંતી ફૂલોને, નવપલ્લવોને નજરે નિહાળતાં સ્વામીજી સ્વયં એક 'બોધિવૃક્ષ' નથી? એમની નજીક આવીને ઊભાં રહેતાં જ કેટલી બધી શીતળતા અનુભવાય છે! ઉદ્ગાર - ઉકળાટ આપો આપ શમી જતાં અનુભવાય છે. ઉદ્વેલિત મન શાંતિનો અનુભવ કરી રહે છે. અનેકવિધ અડગ-બોજ ઉતરી જતો હોય અને મનહૃદય હળવાં-ફૂલ થઈ જતાં હોય એમ લાગે છે.

વિભાગ..................

13) નિબંધ :-

## મા તે મા ! બીજા વગડાનાં વા.

"રોમે રોમે દીપ જલે,
જીને વેડી-વેડી વહાલ,
ઘેર-ઘેર જે બિરાજે,
મા-રૂપી ભગવાન."

ઈશ્વરે પોતે સર્જેલી સૃષ્ટિમાં જ્યારે દરેક બાળકો પહોંચી વળવાનું તેનાં માટે અશક્ય બન્યું ત્યારે તેણે જે સર્જન કર્યું તે મા. 'મા' શબ્દ બોલતાં જ તેમાં કેટલી મિઠાશ રહેલી છે તે અનુભવાય છે. ઈશ્વર પોતે ત્રણેય જગતનો નાથ છે પરંતુ મા વિના તો તે પણ અનાથ છે.

મા બાળકને નવ-નવ માસ સુધી પોતાનાં પેટમાં રાખી અપાર કષ્ટો સહે છે. તે પોતાના બાળકને દુનિયાની દરેક ખુશી આપવા માંગે છે. બાળક જ્યારે મોટું થઈ તેને પ્રથમ વખત 'મા' કહી પોકારે ત્યારે માની આંખોમાંથી મોતીડાં સરી જાય છે. બાળક દરેક પ્રકાર સુખ-સાહ્યબી ભોગવે તે માટે મા પોતાનાથી બનતા દરેક પ્રયાસ કરે છે. મા બાળકને દરેક પ્રકારનું જ્ઞાન આપે છે. તે બાળકને શું ગમે છે અને શું

વિભાગ..................

15

નથી ગમતું તો હરેક બાબતનો મર્મ છે. મા બાળકને શિસ્તનું, સંસ્કારનું, ભણતરનું અને જીવનનું એમ તમામ પ્રકારનું જ્ઞાન આપે છે. તેથી જ તો કહેવાય છે કે,

'એક માતા સો શિક્ષકની ગરજ સારે.'

'માતાનાં ખોળામાં બાળક સ્વર્ગનો અનુભવ કરે છે. માતાનો ખોળો એટલે બાળક માટે સૌથી સલામત જગ્યા. માતાનો ખોળો એટલે પ્રેમની યુનિવર્સિટી.' માતાનાં આવા મહત્વને કારણે જ કવિ બોટાદકરે કહ્યું છે કે,

> "વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
> માડીનો મેઘ બારેમાસ રે,
> જનનીની જોડ સખી,
> નહીં જડે રે લોલ."

ખેતીનાં કણને કદાચ ગણી શકાય પણ માતાની મમતાને ક્યારેય પણ ગણી ન શકાય. માતાનું ઋણ આપણા પર એટલું બધું છે કે સો જનમ માતાને ચરણે આપીને પણ એ ઋણ ચૂકવી શકાય નહીં.

જે બાળકને મા નથી હોતી તે જ માતાનાં મહિમાને સમજે છે. આથી જ કહેવાયું છે કે,

"ઘોડે ચડનાર બાપ મરજો, પણ
દળણાં દળનાર મા ન મરજો."

વિભાગ.................. 16

માતાની જગ્યા આ જગતમાં કોઈ લઈ ન શકે. આથી જ્યારે ગણેશજીએ બિલાડી સમજી પોતાના પાર્વતી માતાને દુઃખ પહોંચાડ્યું ત્યારે પાર્વતી માતાએ તેમને સમજાવ્યું કે, 'મા તે મા છે. માની જગ્યાએ કોઈ નહીં. બાળકના જીવનમાં જે સ્થાન માનું છે તે કોઈ લઈ ન શકે. એ માતા પછી ~~પોતાનું~~ કે પોતાની હોય કે બીજાની મા તે મા છે.

આથી જ કહેવાયું છે કે,

'મા તે મા,
બીજા બધા વગડાના વા.'

મા વિના બાળકનો સંસાર સૂનો છે. બાળક મા વિના સલામતીનો અનુભવ કરી શકતું નથી. તે જ કહેવાય છે કે,

'ગોળ વિના મોળો કંસાર,
મા વિના સૂનો સંસાર.'